ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



પાનખરનું કાઉન્ટ ડાઉન.. જીવનનું સત્ય સમજાવતી પાનખર ઋતુના આગમનના એંધાણ શહેરમાં ચારેકોર વર્તાય છે. શહેરની હરિયાળીમાંથી પીળા થયેલા પાન ધીરેધીરે ખરવા લાગ્યા છે.. અને નવી કુંપળો વસંતમાં ફુટશે અને વસંત જ્યારે મધ્યાહને આવશે ત્યારે પુષ્પ બનીને પથરાશે... આ.. જ જીવન છે અને આ.. જ સત્ય છે..

# હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશનનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી પ્રારંભ

ગાંધીનગર, તા.૦૮

રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં મળતી સ્વાસ્થ્ય સુવિધાઓને દર્દીલક્ષી બનાવવાના લક્ષ સાથે હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હાથ ધરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે કેનેડા બેંકના સહયોગથી દર્દીઓની સુવિધા માટે ગોલ્ફ કાર્ટની સવલતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.





હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન અંતર્ગત રાજ્યની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની તમામ જી.એમ.ઈ આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો અને પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે દર્દીઓ અને દર્દીઓના સગાઓને જરૂરી સ્વાસ્થ્ય સેવાઓ લેવામાં કોઈ મુશ્કેલી ન પડે અને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી સેવા એ જ સાધના ના મંત્ર સાથે હેલ્પ ડેસ્ક - સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવશે. આ સેવા કેન્દ્ર જે-તે આરોગ્ય સંસ્થાના જ્યાં દર્દીઓની

● અનુસંધાન પાન-૭ પર

# ઊર્જા બચત અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અનોખી પહેલ

ગાંધીનગર, તા. ૮

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીજળી બચાવવા માટે અનુકરણીય પહેલ કરી છે. મુખ્યમંત્રીએ જ્યાં સુધી અજવાળુ હોય ત્યાં સુધી સીએમ ઓફિસમાં લાઈટ ચાલુ નહિ કરવાનો નિર્દેશ આપ્યો છે.

તેમણે આ પહેલને અપનાવવા મંત્રીમંડળના સભ્યોને પણ અનુરોધ કર્યો છે. માથાદીઠ વીજ વપરાશ ગુજરાતમાં વધી રહ્યો છે ત્યારે ઊર્જા બચતનો મુખ્યમંત્રીના આ અભિગમની આજે સચિવાલયમાં સરાહના થતી સાંભળવા મળી હતી. તેમની આ પહેલથી વીજળીની બચત પણ થશે.

તેમણે એન્ટીરૂમના વીજ ઉપકરણો પણ જાતે જ ચાલુ-બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ઊર્જા બચતના આ અભિગમ પણ સરાહનીય હોવાની ચર્ચાઓ કર્મયોગીઓમાં થતી સાંભળવા મળી હતી.

ગુજરાતમાં ઊર્જા બચત અભિયાન આગામી દિવસોમાં સ્વૈચ્છીક બની રહે તે બાબત એટલી જ મહત્વની છે. અગાઉ સરકારે પૂનમના દિવસે ‘મૂનલાઈટ’નો અભિગમ અપનાવ્યો હતો અને એ દિવસે સાંજે ૮ થી ૧૨ સ્ટ્રીટલાઈટો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

# જ્ઞાનસેતુ ડે સ્કૂલ માટે સારો પ્રતિસાદ

## જિલ્લાના ૩૫ શાળા સંચાલકો દ્વારા જ્ઞાનસેતુ ડે સ્કુલ શરૂ કરવા રસ દાખવ્યો

ગાંધીનગર, તા. ૮

જ્ઞાનસેતુ ડે કેર સ્કૂલ અંગે રાજ્ય સરકારના અભિગમને જિલ્લામાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે. રાજ્ય સરકારે રાજ્યભરમાં ૪૦૦ જેટલી સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

આજે આ અંગે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં જિલ્લાના ૩૫ જેટલા સંચાલકોએ રસ દાખવી અને ખાસ હાજરી આપી હતી.

દરેક તાલુકામાંથી પણ કેટલાક સંચાલકો જોડાયાની જાણકારી મળી છે. આ જ્ઞાનસેતુ ડે કેર સ્કૂલમાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના તેજસ્વી છાત્રોને પ્રવેશ આપવામાં આવશે. આ માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ પણ યોજવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આજે વિડીયો કોન્ફરન્સમાં અપાયેલ જાણકારી મુજબ ૨૧ ફેબ્રુઆરી સુધીમાં આ અંગે અરજી કરવાની છે. અરજીની સાથે રૂ. ૧૦ હજારનો ડિમાન્ડ ડ્રાફ્ટ પણ સંચાલક દ્વારા આપવાનો રહેશે.

જ્ઞાનસેતુ ડે કેર સ્કૂલ દરેક તાલુકામાં એક શરૂ થાય તે માટેનું આયોજન હાલ સરકાર દ્વારા કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આગામી શૈક્ષણિક સત્રથી ૫૦ જેટલી જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલનું અમલીકરણ શરૂ થઈ રહ્યુ છે. જેમાં આવનારા વર્ષોમાં તબક્કાવાર ધો. ૬ થી ૧૨ના આશરે ૧ લાખથી વધુ બાળકોનો સમાવેશ થશે. તે સાથે જ આદિજાતિ સમાજના ૫૦ હજાર બાળકો માટે અલાયદી ૨૫ જેટલી બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ સ્થાપવામાં આવી રહી છે.

# લાંબા સમયથી ભાડુ ન ચુકવનાર ૬૩ લારી-ગલ્લા, કેબિન ધારકોને નોટિસ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં વિવિધ વિસ્તારના વેંડર્સ માટે ફળવાયેલી શોપ, શાક માર્કેટના ઓટલા, લારી-ગલ્લા તથા કેબિનના બાકી ભાડાની વસૂલાત માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત લાંબા સમયથી ભાડુ નહી ચુકવનારા વેંડર્સને નોટિસ આપવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર ૨૧ ખાતે આવેલી ૬૫ કેબિન પૈકી ૬૩ કેબિન ધારકો દ્વારા લાંબા સમયથી ભાડું ચુકવવામાં આવ્યું ન હોવાથી નોટીસ આપીને ૭ દિવસમાં ભાડુ ચુકવવા માટે જણાવવામાં આવ્યું છે. ૭ દિવસમાં ભાડાની રકમનું ચુકવણું કરવામાં નહી આવે તો ફાળવણી રદ કરવા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે.

ભવિષ્યમાં ગાંધીનગરના તમામ વિસ્તારમાં ડ્રાઈવ ચલાવીને ભાડાની વસુલાત કરવામાં આવશે તથા લાંબા સમયથી ભાડુ ન ચુકવનારા વેન્ડર્સને નોટિસ આપવામાં આવશે તથા ફાળવણી રદ કરવા, સીલિંગ તથા બ્લેક લિસ્ટ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# અડાલજમાં એલઆઈજી કક્ષાના ૯૮ મકાનો માટે ગુડા નવેસરથી ડ્રો કરશે

## યોજના સંદર્ભે આવાસોની ફાળવણીના અંતે રદ કે પરત કરાયેલા આવાસોને અનુલક્ષી ગુડા દ્વારા અરજી મંગાવી ડ્રો ની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં ઓછી આવકના પરિવારો માટે નિર્માણ કરાયેલા આવાસોને અનુલક્ષી નવેસરથી ડ્રો કરવામાં આવશે આ વન બેડ કીચન હોલના આવાસો અન્વયે અંદાજિત રૂ ૧૧ .૫૦ લાખ ચુકવવાના રહેશે. આવાસ યોજનાના લોકાર્પણ બાદ પરત કરાયેલા અગર રદ કરાયેલા બાકી રહેતા ૯૮ ફ્લેટ ટાઈપ આવાસો માટે ડ્રો ની પ્રક્રીયા હાથ ધરીને લાભાર્થીઓને ફાળવવામાં આવશે. આમ નાગરિકોને પોતાના ઘરનુ ઘર મળી રહે તે માટે ગુડા દ્વારા શહેરી વિસ્તાર આસપાસ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. અગાઉ પણ અડાલજ ,ચિલોડા, સરગાસણ , રાયસણ અને કુડાસણ સહીતના વિસ્તારમાં ગુડા દ્વારા નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ આવાસોનો ડ્રો કરીને નિયત કેટેગરી મુજબ ફાળવી દેવાયા છે. જયારે આવાસોની ફાળવણી બાદ લાભાર્થી કક્ષાએથી મકાન પરત કરવામાં આવ્યુ હોય તેવા કિસ્સામાં ગુડાના તંત્ર દ્વારા પ્રતિક્ષા યાદી ઓપરેટ કરવામાં આવે છે. જેના અંતે આવાસો બાકી રહેતા ફરીથી ડ્રોની પ્રક્રીયાના અંતે આવાસોની ફાળવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ દરમિયાન ગુડા દ્વારા અડાલજ વિસ્તારમાં લોઅર ઈન્કમ ગૃપ માટે તૈયાર કરાયેલા આવાસો પૈકી પરત કરવાના કે રદ કરવાના ૯૮ કિસ્સા છે. જેને અનુલક્ષીને બાકી રહેતા આવાસોને ફાળવવા માટે ગુડાએ ઝડપથી ફાળવણી કરવા માટે આયોજન કર્યુ છે. અડાલજના આ આવસની કિંમત રૂ ૧૧ લાખ નિયત કરાઈ છે. જયારે અન્ય જાળવણી ખર્ચ પેટે પણ રૂ ૫૦ હજાર ચુકવવાના થાય છે. જયારે આ રકમ સંબંધિત એસોસિએશનને આપવામાં આવતી હોય છે. જેનો ઉપયોગ આવાસ યોજનાની જાળવણી પાછળ કરવામાં આવે છે. જયારે અડાલજની સ્કીમમાં બાકી રહેતા આવાસોની ફાળવણી માટે ટુંકમાં જ ડ્રો કરાશે જયારે હવે આ માટે રસ ધરાવતા લાભાર્થીઓની અરજી પણ મંગાવામાં આવશે જેના અંતે અન્ય ૯૮ લાભાર્થીઓને આવાસ યોજનાનો લાભ મળશે.

# નવા બટાકાની આવક બજારમાં ધીમી ગતિએ શરૂ થઈ

ગાંધીનગર, તા. ૮

જિલ્લાના બજારોમાં નવા બટેટાની આવક શરૂ થઈ છે. જો કે હાલ આવક ધીમી ગતિની છે પણ શિવરાત્રિ પર્વે અને તે પછી આવકમાં વધારો જોવા મળશે. જિલ્લામાં ૧૩ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં બટાકાની ખેતી નોંધાઈ છે. આ વખતે બટાકાનું ઉત્પાદન પણ સારૂ મળવાની આશા ખેડૂતોને છે. જો કે આ વર્ષે બટાકાનો ભાવ શરૂઆતમાં જ ગત વર્ષની તુલનામાં નીચો ખુલ્યો હોઈ ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. જિલ્લામાં બટાકાની પાંચેય જાતોનું વાવેતર થયુ છે. મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૫૩૪૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૬૪૦૦ હેક્ટરમાં, માણસામાં ૩૧૭૪ હેક્ટરમાં અને કલોલમાં ૮૧ હેક્ટરમાં વાવેતર થયુ હતુ. કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી પણ જિલ્લામાં બટાકાનું સારૂ એવુ વાવેતર થયુ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

# પાણી ગટરની લાઈનના કામ બાદ વન વિસ્તારમાં ફેન્સીંગનુ કામ હાથ ધરાશે

## વન આરક્ષિત વિસ્તારમાં કચરાના ઢગ : તુટેલી ફેન્સીંગના લીધે રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા પેચીદી : વનતંત્રએ ખર્ચને મંજુરી આપવા વિભાગને દરખાસ્ત પણ કરી છે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે વર્ષોના અંતે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં હાલ ઠેર ઠેર પાણીની નવી લાઈન નાંખવા માટે ખોદકામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે શહેરના મુખ્ય ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર નજીક પણ લાઈન સંદર્ભે ખોદકામ કરવાની અનિવાર્યતા ઉભી થાય તેમ છે. જેને અનુલક્ષીને વનતંત્રએ આરક્ષિત વિસ્તારની ફેન્સીંગના ગાબડા પુરવાની કામગીરી પણ લાઈનનુ કામ પુર્ણ થયા બાદ જ હાથ ધરવાનુ નક્કી કર્યુ છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જો કે પાણી ગટરની નવી અને મોટાડાયામીટરની લાઈન નાંખવા માટેનુ કામ હજુ પુર્ણ થતા સમય લાગશે જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોના આંતરિક માર્ગોનુ રોડનેટવર્ક પણ ઉબડ ખાબડ બન્યુ છે. લાઈનના ખોદકામના લીધે ઘણીવાર યુટીલીટીઝ લાઈન પણ ડિસ્ટર્બ થતી હોવાના કીસ્સા સામે આવે છે. પાણી ગટરની નવી લાઈન નાંખતી વેળાએ હયાત લાઈનમાં પણ ભંગાણ થતા પુરવઠો ખોરવાય છે. હાલ શહેરમાં અભ્યાસના અંતે નવી લાઈન નાંખવા માટે સરળતાથી કામ થઈ શકે તે માટે પણ રૂટ નક્કી કરવામાં આવ્યો છે. બીજીતરફ વન વિસ્તારની જગ્યાને અનુલક્ષીને પણ લાઈન પસાર થતી હોય તેવા કિસ્સામાં હજુ કામ બાકી છે. જેના લીધે વન વિસ્તારમાં ફેન્સીંગ કરવાની કામગીરી પણ લાઈનનુ કામ પુર્ણ થયા બાદ જ હાથ ધરવામાં આવશે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગના અભાવે દબાણો વધતા જાય છે. જયારે રખડતા ઢોરના ત્રાસ સાથે ગંદકી પણ ખદબદી રહી છે. આ સ્થિતિને અનુલક્ષી વનતંત્ર દ્વારા નવી ફેન્સીંગ કરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરી છે. આ કામગીરીને આગામી દિવસોમાં મંજુરી મળતા વન વિસ્તારમાં ફેન્સીંગના તુટેલા ગાબડા પુરવા માટે આયોજન કરાશે. પરંતુ પાણી ગટરની લાઈનની કામગીરી પુર્ણ થયા બાદ જ ફેન્સીંગનુ નવિનીકરણ કરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. પાણી ગટરની લાઈન સંદર્ભે વન આરક્ષિત વિસ્તારમાંથી પણ કેટલાક ઠેકાણે લાઈન પસાર થાય છે જેને અનુલક્ષીને ખોદકામ દરમિયાન ફેન્સીંગને પણ નુકશાન થાય તેવી સંભાવના છે. જેથી આ કાર્યયોજના પુર્ણ થયા બાદ જે મુખ્ય માર્ગો આસપાસ ફેન્સીંગનુ નવિનીકરણ કરાશે. જો કે હાલ વન વિસ્તારમાં સફાઈ કરવાની અનિવાર્યતા છે. છેલ્લા ઘણાં સમયથી વન વિસ્તારની સફાઈ ન થતા કચરાના ઢગ જોવા મળે છે. તુટેલી ફેન્સીંગના લીધે વન આરક્ષિત વિસ્તારમાં રખડતા ઢોર ઘુસી જાય છે. જયારે ઝુંપડાવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. આવા સંજોગોમાં હરિયાળીનો પણ સોથ વળી રહ્યો છે. જેને અનુલક્ષી ઝડપથી ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં ૧૫મી ફેબ્રુઆરી બાદ ગરમીમાં વધારો થશે

## ફેબ્રુઆરીના પ્રારંભ સાથે જ ગરમીમાં સતત ઘટાડો તો અંતમાં આકરી ગરમીનો અહેસાસ અનુભવાશે

ગાંધીનગર, તા. ૮

ફેબ્રુઆરી માસના પ્રારંભ સાથે જ જાણે ઠંડી ગાયબ થઈ ગઈ છે અને ધીમે ધીમે ઉનાળાનુ આગમન થઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. આગામી ૧૫મી ફેબ્રુઆરી બાદ ગરમી વધશે અને થોડાક જ દિવસોમાં આકરી ગરમી લાગવા માંડશે.

હજુ થોડાક જ દિવસ પહેલા ફૂંકાતા હીમ પવનો સાવ જ બંધ થઈ ગયા છે. પવનોની દિશા બદલાતા ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. ફેબ્રુઆરી માસના પ્રારંભ સાથે જ ધીમે ધીમે તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે. પવનની દિશા પણ બદલાઈ છે જેના કારણે દિવસ દરમ્યાન અનુભવાતી ઠંડી સાવ ઘટી ગઈ છે. થોડાક દિવસ પહેલા જ હૂંફાળો અને ગમતો તડકો હવે આકરો લાગવા માંડ્યો છે. દિવસે તડકામાં બહાર નીકળો તો ગરમીનો અહેસાસ થાય છે. દિવસે તો ધીમી સ્પીડ પર પંખા ચલાવવાની ફરજ પડી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યુ છે કે હવે ધીમે ધીમે ગરમી વધવા માંડશે અને ઠંડી ગાયબ થઈ જશે. આગામી દિવસોમાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ પહોંચશે. મહત્તમ તાપમાન પણ ૩૫ ડિગ્રીની ઉપર પહોંચતા ફેબ્રુઆરી માસના અંતિમ દિવસોમાં આકરી ગરમીનો અહેસાસ થશે.

# શહેરમાં મોલોમસી જીવાતનો ત્રાસ વધ્યો

## રાયડાની કાપણી શરૂ થતાં ત્રાસ : દ્વિચક્રી વાહનચાલકોને પણ પારાવાર તકલીફો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી મોલોમસી જીવાતનો ત્રાસ વધી ગયો છે.

મોલોમસીના નામે ઓળખાતી જીવાતનો ત્રાસ ઉનાળાના પ્રારંભે વધતો જણાય છે. વસંતપંચમી બાદ રાયડાનો પાક લણવામાં આવતા મોલોમસી આસપાસના વિસ્તારમાં ફરી વળે છે. ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રાયડાનો પાક લેવાય છે. જેના કારણે રાયડામાં થતી મચ્છર જેવી સાવ ઝીણી જીવાત આસપાસના વિસ્તારમાં ફરી વળે છે. છેલ્લા બે-ત્રણ દિવસથી મોલોમસીનો ત્રાસ ખુબ વધી ગયો છે. સવારના સમયે અને સાંજે મોલોમસી જીવાત સતત ઉડતી રહે છે. આ જીવાત કપડાં પર ચોંટી જાય છે અને આંખોમાં પણ પેસી જાય છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન થાય છે. આ જીવાત અલ્પ આયુષ્ય ધરાવતી હોવાથી એકાદ અઠવાડિયામાં તેનો ત્રાસ ઓછો થઈ જશે. વાહનચાલકો ચશ્મા કે સ્કાર્ફ અથવા મોઢા પર રૂમાલ બાંધીને આ જીવાતના ત્રાસમાંથી છૂટકારો મેળવી શકે છે.

# બળજબરીથી ધર્મપરિવર્તન કરાવી બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીના જામીન નામંજુર


## ગાંધીનગરની પરિણીતાનુ શારિરીક શોષણ કરતા આરોપી ઇસ્માઇલખાન બદરખાન મલેકની જામીન અરજી નામંજુર : સરકારી વકીલ હીતેશ રાવલ અને ધવલ મહેતાએ કોર્ટ સમક્ષ ધારદાર દલીલો કરી

ગાંધીનગર તા ૮

પરિણીતાને લલચાવી ફોસલાવી છુટાછેડા લેવડાવી ધર્મ પરિવર્તનના કરાવી શારિરીક શોષણ કરવાના કેસમાં ગાંધીનગરની કોર્ટે મુખ્ય આરોપીની જામીન અરજી નામંજુર કરી છે. વિધર્મી યુવકના ત્રાસથી પરિણીતા દ્વારા આત્મહત્યાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગરની પરિણિતાને આરોપી ઈસ્માઈલખાન બદરખાન મલેકે લલચાવી ફોસલાવી વિશ્વાસ કેળવી પ્રેમ સંબંધ બાંધી અવારનવાર શારિરીક સંબંધ રાખ્યો હતો જયારે તેણીના પતિ સાથે છુટાછેડા કરાવી બળજબરીપુર્વક ધાકધમકી આપી સાથે રહેવા મજબુર કરી હતી. જયારે આરોપીના મિત્ર અમજુ ઉર્ફે અમજદ તથા શાહરૂખખાન તેમજ બાબાખાન અને તેના ભાઈ મુસ્તુફા બદરખાન મલેક તેમજ ઈસ્માઈલ મણેકના ભાણા સોહીલે પરિણીતાને શારિરીક સંબંધ બાંધવા મજબુર કરી હતી. આરોપીઓ તેણીને મુસ્લિમ ધર્મ અંગિકાર કરવા માટે દબાણ કર્યુ હતુ. જયારે અગાઉ ત્રણ લગ્ન કર્યા હોવાની પણ હકીકત છુપાવી તા ૧૭ ઓકટોબર વર્ષ ૨૦૨૦ના રોજ આરોપી ઈસ્માઈલ મલેકે બળજબરી લગ્ન કર્યા હતા આ વેળાએ અમજુ ઉર્ફે અમજદ બાબાખાન તેમજ કાદરખાન અને મોલ્વીઓએ હાજર રહી ધર્મપરિવર્તન કરાવ્યુ હતુ અને લગ્ન પણ કરાવ્યા હતા જયારે આરોપીઓએ ફરિયાદી પરિણિતાના ભાઈ અને બનેવીને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. પેથાપુરમાં ફરિયાદીના બનેવીના ઘરેથી સોનાના દાગીના લઈ જઈ શારિરીક તેમજ માનસિક ત્રાસ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી હતી. જયારે આ મામલે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસની તપાસ દરમિયાન તપાસ કરનાર અધિકારી દ્વારા મુખ્ય આરોપી ઈસ્માઈલ ખાન બદરખાન મલેકની તા ૧૬ જાન્યુઆરી વર્ષ ૨૦૨૩ ના રોજ ધરપકડ કરી હતી. આ આરોપીને ગાંધીનગરની કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટે આરોપીને સાબરતમી સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયો હતો. જયારે મુખ્ય આરોપી ઈસ્માઈલ મલેકે જામીન પર છુટકારો મેળવવા માટે ગાંધીનગરની સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. આ કેસ સંદર્ભે ગાંધીનગરના મુખ્ય સરકારી વકીલ હીતેશ એન રાવલ અને ફરિયાદીના વકીલ ધવલ એન

● અનુસંધાન પાન-૭ પર



## બેસણું અને સુંવાળા

અમારા દિકરા શૈલેષભાઈ રસિકભાઈ દસાડીયા (ગામ-જરવલા, હાલ-ગાંધીનગર) તા.-૮/૨/૨૩ને બુધવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. સદગતનું બેસણું અને સુંવાળા તા.૧૦/૨/૨૩ને શુક્રવાર સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્રમુખ લોટસ, સી-૪૦૨, સરગાસણ મો.૯૭૧૪૮૪૧૫૪૮

લિ. ચતુરભાઈ જીવાભાઈ દસાડીયા

રસિકભાઈ નટવરભાઈ દસાડીયા

દિનેશભાઈ નટવરભાઈ દસાડીયા

સુરેશભાઈ નટવરભાઈ દસાડીયા

ઘનશ્યામભાઈ ચતુરભાઈ દસાડીયા

નિતેશ ભગવાનભાઈ દસાડીયા

નિકુંજ મનુભાઈ દસાડીયા

Children's UNIVERSITY

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, નડીયાદ ખાતે તા.૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર સીધી રાજ્યકક્ષાની અંડર - ૧૧ એથ્લેટીક્સ મીટ દરમિયાન ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની કામગીરી કરવા માટે એજન્સીઓ પાસેથી ભાવપત્રકો આમંત્રિત કરવામાં આવે છે. જે ભાવપત્રકો તારીખ ૧૩/૦૨/૨૦૨૩ સુધીમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વેબસાઈટ પર મુકવામાં આવેલ પત્રકમાં એજન્સીની જરૂરી વિગતો ભરી તમામ દસ્તાવેજો સાથે પહોંચાડવાની રહેશે. જાહેરાત અંગેની વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ : www.cugujarat.ac.in પર મુકવામાં આવેલી છે.

કુલસચિવ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com